# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

Ref No. PN 2024-25/087 Dt. 16/09/2024

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## 'ધ મેવરિક ઈફેક્ટ – ભારતની IT ક્રાંતિની મહાગાથા' પુસ્તકનું વિમોચન કરાયું

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને જેસિઆ આઈ.ટી. એસોસિએશનના સંયુક્ત ઉપક્રમે શુક્રવારે, તા. ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ બપોરે 03:30 કલાકે, સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે જાણીતા લેખક શ્રી હરીશ મહેતાનું 'ધ મેવરિક ઈફેક્ટ – ભારતની IT ક્રાંતિની મહાગાથા' પુસ્તકનું વિમોચન કાર્યક્રમ યોજાયો હતો.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. દેવ IT લિમિટેડના સહ સંસ્થાપક અને ચેરમેન, જેસિઆના ચેરમેન અને ડાયરેક્ટર શ્રી પ્રણવ પંડ્યાએ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. આ પ્રસંગે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ વાઈસ ચાન્સલર ડો. દક્ષેશ ઠાકર મુખ્ય અતિથી તરીકે પધાર્યા હતા. જ્યારે ચેમ્બર ઓફ કોમર્સના પૂર્વ પ્રમુખ તથા સાર્વજનિક યુનિવર્સિટીના પ્રમુખ અને SRK નોલેજ ફાઉન્ડેશન પ્રમુખ શ્રી કમલેશ યાજ્ઞિક અતિથી વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. પુસ્તક વિમોચન કાર્યક્રમમાં પ્રેક્ષકો સાથે વાર્તાલાપ પણ યોજાયો હતો.